# દૂધસાગર ડેરી
ભારતની સૌથી મોટી સહકારી ડેરી

# મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ

તા. ૦૭-૦૪-૨૦૧૪

નં. એએચ/૧૦

## પરિપત્ર

પ્રતિ,
પ્રમુખશ્રી/મંત્રીશ્રી
................................દૂધ ઉત્પાદક સહ. મં. લિ.
મુ..............................તા.................................
કોડ નં.......................... રૂટ નં ...............................

## વિષય : કોલ સેન્ટર મારફત સ્પે. વીઝીટની સુવિધા બાબતે...

સવિનય ઉપરોક્ત વિષયના અનુસંધાનમાં આપને જણાવતાં આનંદ થાય છે કે, દૂધ ઉત્પાદકોની માગણીને માન આપી, દૂધસાગર ડેરીના કાર્ય વિસ્તારમાં આવતી તમામ દૂધ મંડળીઓના દૂધ ભરાવતા સર્વે દૂધ ઉત્પાદકોનાં પશુઓ રાત્રિના સમયે અચાનક બિમાર પડે તેવા કિસ્સામાં, તેમને સંઘના વેટરનરી વિભાગ દ્વારા ઝડપી યોગ્ય સારવાર મળી રહે તેવા શુભ આશયથી તા. ૧૦-૦૪-૨૦૧૪ થી અમલમાં આવે તેવા એક **મધ્યસ્થ કોલ સેન્ટરની** સુવિધા ઉભી કરવામાં આવનાર છે.

**સદર કોલ સેન્ટરની સુવિધાના નીતિ નિયમો નીચે મુજબ રહેશે.**

- આ સુવિધાનો સમય રાત્રિના ૧૧.૦૦ કલાકથી સવારના ૦૭.૦૦ કલાક સુધીનો જ રહેશે.
- આ સુવિધા માટે દૂધ ઉત્પાદકે સંઘે નિયત કરેલ સ્પે. વિઝીટની પાવતી મેળવી તેનો પાવતી નંબર અવશ્ય લખાવવાનો રહેશે.
- આ માટે દૂધ ઉત્પાદક ઈચ્છે તો, નજીકના ડેરી સંચાલિત પશુ સારવાર કેન્દ્ર ખાતેથી સ્પે. વીઝીટ બુક (પાંચ પાવતી વાળી; રૂા. ૫૦૦/-ની) ખરીદી એડવાન્સમાં પોતાના ઘેર રાખી શકે, જેથી રાત્રિના સમયે આકસ્મિક પશુ બિમાર થાય તો આ પાવતી દ્વારા કોલ સેન્ટર ઉપર સ્પે. વીઝીટ નોંધાવી શકાય. (સ્પે. વિઝીટ બુકની ખરીદી માટે દૂધ ઉત્પાદકે તેમના નામની છેલ્લા પગારની સ્લીપ બતાવવી ફરજીયાત છે.)
- આ સુવિધાનો ઉપયોગ પશુની આકસ્મિક જીવલેણ બિમારીઓ જેવી કે - ઝેરની અસર, આફરો, માટી નીકળી જવી, વિયાણમાં તકલીફ, ચકરીનો રોગ, લાલ પેશાબનો રોગ તથા અન્ય જીવલેણ બિમારીઓ માટે જ કરવાનો રહેશે.
- પશુની અન્ય બિમારીઓ કે જેમાં સારવાર ચાલુ હોય તેવા તથા સામાન્ય બિમારીઓ માટે આ સુવિધાનો ઉપયોગ કરવાનો રહેશે નહી.
- કોઈપણ દૂધ ઉત્પાદક કે અન્ય વ્યક્તિ ખોટો પાવતી નંબર આપી સ્પે. વિઝીટ નોંધાવતા માલુમ પડશે તેવા કિસ્સામાં, જે તે દૂધ ઉત્પાદક/દૂધ મંડળી માટે આ સુવિધા બંધ કરવામાં આવશે અથવા દંડ વસુલ કરવામાં આવશે.
- જો કોઈપણ દૂધ ઉત્પાદકને ઈસ્યુ થયેલ પાવતી ઉપર જે તે મંડળીના ગ્રાહક કે સભાસદ નહી હોય તેવા વ્યક્તિ દ્વારા વિઝીટ બોલાવવામાં આવશે તો તેની જાણ થયેથી ઈસ્યુ થયેલ પાવતીના ગ્રાહક માટે આ સુવિધા બંધ કરવામાં આવશે અથવા દંડ વસુલ કરવામાં આવશે.

## આ કોલ સેન્ટરના નંબરો નીચે મુજબ રહેશે.

| લેન્ડ લાઈન નંબર | મોબાઈલ નંબર | મોબાઈલ નંબર |
|---|---|---|
| (૦૨૭૬૨) ૨૫૧૦૧૧ | ૮૧૨૮૬ ૬૨૪૫૪ | ૮૧૨૮૬ ૫૮૭૪૪ |

મહેસાણા જિ. સ. દૂ. ઉ. સંઘ લિ., વતી

મેનેજીંગ ડિરેક્ટર